# HISTORY

Name & Signature of the Invigilator

.........................................................

.........................................................

**PAPER – II**

**CODE-08**

OMR Answer Sheet No. : [ ]

Roll No. : [ ]

(in figures as in Hall Ticket)

Roll Number in words : .................................

.....................................................................

**Question Booklet Sl. No.**

080530

**Time : 2 Hours]** **No. of Printed Pages : 32** **[Maximum Marks : 200**

## Instructions for the Candidates

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **one hundred (100)** multiple choice type of questions. **All** questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (i) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker seal and do not accept an open booklet.
   (ii) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.
   (iii) After this verification is over, the Test Booklet Number should be entered on the OMR Answer Sheet and the OMR Answer Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.
   **Example:** (A) ⬤ (C) (D) where (B) is the correct response.
5. Your responses to the items are to be indicated on the OMR Answer Sheet under Paper – II only. If you mark your response at any place other than in the oval in the OMR Answer Sheet, it will not be evaluated.
6. Rough Work is to be done in the end of this booklet.
7. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Answer Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
8. You have to return the original OMR Answer Sheet to the invigilator at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are however, allowed to carry original question booklet and duplicate copy of OMR Answer Sheet on conclusion of examination.
9. Use only Blue/Black Ball point pen.
10. Use of any calculator or any electronic devices or log table etc., are prohibited.
11. There shall be no negative marking.
12. In case of any discrepancy in the English and Gujarati versions of questions, English version will be taken as final.

## પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ

1. આ પાનાની ટોચ પર દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા સો (૧૦૦) પ્રશ્નો આપેલા છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં આપને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ પાંચ (૫) મિનિટ દરમ્યાન તમારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું :
   (i) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પૃષ્ઠની ધાર પર આપેલ સીલ સ્ટીકર ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (ii) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો, પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પ્રશ્નો/ પૃષ્ઠો ઓછાં હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા અન્ય કોઈ ફરક હોય અર્થાત કોઈપણ સંજોગોમાં ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં. અને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ (૫) મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમયગાળો આપવામાં આવશે નહીં.
   (iii) આ ચકાસણી સમાપ્ત થાય પછી, પ્રશ્નપુસ્તિકાનો નંબર OMR જવાબ પત્રક પર લખવો અને OMR જવાબ પત્રકનો નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર જવાબ વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં આવેલ છે. તમારે સાચા જવાબના ઓવલ (oval) ને નીચે આપેલ ઉદાહરણ મુજબ પેનથી ભરીને સંપૂર્ણ કાળું કરવાનું રહેશે.
   **ઉદાહરણ** : (A) ⬤ (C) (D) કે જ્યાં (B) સાચો જવાબ છે.
5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નોના જવાબ અલગથી આપવામાં આવેલ OMR જવાબ પત્રકમાં પેપર-II લખેલ વિભાગમાં જ અંકિત કરવા. જો આપ OMR જવાબ પત્રકમાં આપેલ ઓવલ (oval) સિવાય અન્ય સ્થાને જવાબ અંકિત કરશો તો તે જવાબનું મૂલ્યાંકન કરવામાં આવશે નહીં.
6. કાચું કામ (Rough work) પ્રશ્નપુસ્તિકાના અંતિમ પૃષ્ઠ પર કરવું.
7. જો આપ OMR જવાબ પત્રક નિયત જગ્યા સિવાય અન્ય કોઈપણ સ્થાને, આપનું નામ, રોલ નંબર, ફોન નંબર અથવા એવું કોઈ ચિહ્નકે જેનાથી તમારી ઓળખ થઈ શકે, અંકિત કરશો અથવા અભદ્ર ભાષાનો પ્રયોગ કરો, અથવા અન્ય કોઈ અનુચિત સાધનોનો ઉપયોગ કરો, જેમકે અંકિત કરી દીધેલ જવાબ ભૂંસી નાખવો કે સફેદ શાહીનો ઉપયોગ કરી બદલશો તો આપને પરીક્ષા માટે અયોગ્ય જાહેર કરવામાં આવશે.
8. પરીક્ષા સમય પૂરો થઈ ગયા બાદ ઓરીજીનલ OMR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજિયાત સોપી દેવું અને કોઈ પણ સંજોગોમાં તે પરીક્ષા ખંડની બહાર લઈ જવું નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર ઓરીજીનલ પ્રશ્નપુસ્તિકા અને OMR જવાબ પત્રકની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
9. માત્ર કાળી / ભૂરી બોલ પોઈન્ટ પેન વાપરવી.
10. કેલ્ક્યુલેટર,લોગ ટેબલ અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
11. ખોટા જવાબ માટે નકારાત્મક ગુણાંકન પ્રથા નથી.
12. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

SEAL

DO NOT WRITE HERE

# HISTORY
## Paper – II

1. Which of the following is most useful in determining the chronology of an archaeological site ?
   (A) exploration
   (B) trial trench
   (C) horizontal excavation
   (D) vertical excavation

1. કોઈ પણ પુરાસ્થળનો કાલાનુક્રમ નિશ્ચિત કરવા માટે નીચેનામાંથી કયો વિકલ્પ સૌથી ઉપયોગી છે ?
   (A) પરિશોધ
   (B) અજમાયશી ઉત્ખનન
   (C) આડું ઉત્ખનન
   (D) ઊભું ઉત્ખનન

2. Reference to ________ is helpful in fixing the date of the Mahabhashya of Patanjali.
   (A) Nanda Kings
   (B) Chandragupta Maurya
   (C) Ashoka
   (D) Pushyamitra

2. પતંજલિના "મહાભાષ્ય"ના કાલનિર્ધારણ માટે એમાં આવતો _____ નો સંદર્ભ ઉપયોગી છે.
   (A) નંદ રાજાઓ
   (B) ચંદ્રગુપ્ત મૌર્ય
   (C) અશોક
   (D) પુષ્યમિત્ર

3. Which of the following chalcolithic sites was subjected to extensive horizontal excavation ?
   (A) Inamgaon
   (B) Chirand
   (C) Ahar
   (D) Savalda

3. નીચેનામાંથી કયા તામ્રાશ્મયુગીન પુરસ્થળનું મોટા પાયે આડું ઉત્ખનન કરવામાં અવ્યું હતું ?
   (A) ઈનામગાંવ
   (B) ચિરાંદ
   (C) આહડ
   (D) સાવલ્દા

4. Neolithic silos are found in which of the following regions ?

(A) Gujarat

(B) Malva

(C) Kashmir

(D) Mevar

5. The heaviest concentration of Harappan sites are found in the ________.

(A) Indus Valley

(B) Gangetic Valley

(C) Sarasvati Valley

(D) Helmund Valley

6. The terracotta model of a plough was discovered from

(A) Lothal

(B) Banavali

(C) Bhagatrav

(D) Kuntasi

7. The desiccation of the ________ is an important evidence for the early date of the Rigveda.

(A) Indus

(B) Sarasvati

(C) Satluj

(D) Yamuna

4. નવાશ્મયુગીન ગર્તનિવાસ નીચેનામાંથી કયા પ્રદેશમાં જોવા મળે છે ?

(A) ગુજરાત

(B) માળવા

(C) કાશ્મીર

(D) મેવાડ

5. હડપ્પીય પુરાસ્થળોનો સૌથી વધુ ઘેરો જમાવ ક્યાં જોવા મળે છે ?

(A) સિંધુ ખીણમાં

(B) ગંગા ખીણમાં

(C) સરસ્વતી ખીણમાં

(D) હેલમંડ ખીણમાં

6. પકવેલી માટીનું હળ નીચેનામાંથી કયા પુરાસ્થળે મળી આવ્યું હતું ?

(A) લોથલ

(B) બનાવલી

(C) ભગતરાવ

(D) કુંટાસી

7. ઋગ્વેદનો રચનાકાળ વધુ પ્રાચીન ઠરાવવા માટે કઈ નદીનું સુકાઈ જવું એક અગત્યનો પુરાવો છે ?

(A) સિંધુ

(B) સરસ્વતી

(C) સતલજ

(D) યમુના

8. What is dolmen ?

(A) Palaeolithic tool

(B) Mesolithic tool

(C) Megalithic tomb

(D) Chalcolithic pottery type

9. Which text refers to the 16 Mahajanapadas ?

(A) Anguttara Nikaya

(B) Digha Nikaya

(C) Majjhima Nikaya

(D) Khuddaka Nikaya

10. Which pottery type is concomitant with second urbanisation ?

(A) Lustrous Red Ware

(B) Painted Grey Ware

(C) Northern Black Polished Ware

(D) Torpido Ware

11. Who wrote 'Chandragupta Maurya and His Times' ?

(A) R. G. Basak

(B) R. K. Mookerji

(C) B. M. Barua

(D) D. R. Bhandarkar

8. ડોલમેન શું છે?

(A) પુરાશ્મકાલીન ઓજાર

(B) મધ્યાશ્મકાલીન ઓજાર

(C) મહાશ્મકાલીન સ્મારક

(D) તામ્રાશ્મકાલીન મૃત્પાત્ર

9. સોળ મહાજનપદોનો નિર્દેશ કઈ કૃતિમાં આવે છે?

(A) અંગુત્તરનિકાય

(B) દીઘનિકાય

(C) મજ્ઝિમ નિકાય

(D) ખુદ્દક નિકાય

10. દ્વિતીય નકારીકરણ સાથે સંકળાયેલાં મૃત્પાત્રો કયાં?

(A) લસ્ટ્રસ રેડ વેર (ચમકદાર લાલ મૃત્પાત્રો)

(B) પેઈન્ટેડ ગ્રે વેર (ધૂસર ચિત્રિત મૃત્પાત્રો)

(C) નોર્ધન બ્લેક પોલિશ્ડ વેર (ઉત્તરી કાળાં ચકચકિત મૃત્પાત્રો)

(D) ટોર્પિડો વેર

11. 'ચંદ્રગુપ્ત મૌર્ય એન્ડ હિસ ટાઈમ્ઝ' કોની કૃતિ છે?

(A) રાધાગોવિંદ બસાક

(B) રાધાકુમુદ મુખરજી

(C) બેનીમાધબ બરુઆ

(D) દેવદત્ત રા. ભાંડારકર

12. The Ashokan pillars are made of limestones, which were sourced from

(A) Barabar hills

(B) Kota, Rajasthan

(C) Chunar hills

(D) Kadapa, Andhra Pradesh

12. અશોકના સ્તંભ ચૂનાના પથ્થરમાંથી નિર્માણ પામ્યા છે. આ પથ્થરોનો સ્ત્રોત કયો હતો ?

(A) બરાબરના પર્વતો

(B) કોટા, રાજસ્થાન

(C) ચુનાર પર્વતો

(D) કડપા, આંધ્રપ્રદેશ

13. Reference to the Shunga Kings is found in which of the following texts ?

(A) Mudrarakshasa of Vishakhadatta

(B) Malavikagnimitra of Kalidasa

(C) Pratimanataka of Bhasa

(D) Malatimadhava of Bhavabhuti

13. શુંગ રાજાઓનો નિર્દેશ નીચેનામાંથી કઈ કૃતિમાં મળે છે ?

(A) વિશાખદત્તનું 'મુદ્રારાક્ષસ'

(B) કાલિદાસનું 'માલવિકાગ્નિમિત્ર'

(C) ભાસનું 'પ્રતિમાનાટક'

(D) ભવભૂતિનું 'માલતીમાધવ'

14. Which of the following dynasties issued gold coins first ?

(A) Maurya

(B) Kanva

(C) Shunga

(D) Kushanas

14. નીચેનામાંથી કયા વંશે સર્વપ્રથમ વાર સોનાના સિક્કા પાડ્યા હતા ?

(A) મૌર્ય

(B) કાણ્વ

(C) શુંગ

(D) કુષાણ

15. 'Aham' (inner) and 'Puram' (external) are two major thematic category of which literature ?

(A) Upanishadik

(B) Sanskrit Kavya

(C) Apabhramsha

(D) Sangam

15. 'અહમ' (આંતરિક) અને 'પુરમ' (બાહ્ય) આ બે મુખ્ય વિભાજન કયા સાહિત્યનાં છે ?

(A) ઉપનિષદ્

(B) સંસ્કૃત કાવ્ય

(C) અપભ્રંશ

(D) સંગમ

16. The 'rupakriti' coins were issued by

(A) Chandra Gupta I

(B) Samudra Gupta

(C) Chandra Gupta II (Vikramaditya)

(D) Kumara Gupta

17. Who worked on the applicability of Mandala theory regarding Harshavardhana's polity ?

(A) R. C. Majumdar

(B) D. D. Kosambi

(C) D. Devahuti

(D) Kumkum Roy

18. Match List – I with List – II.

| List – I | List – II |
|---|---|
| a. Mahabaladhikrita | i. Merchant-Caravan leader |
| b. Mahapratihara | ii. Commander in Chief |
| c. Mahadandanayaka | iii. Chief of palace guards |
| d. Sarthavaha | iv. Army general |

**Code :**

(A) a – ii b – iii c – iv d – i

(B) a – iv b – iii c – i d – ii

(C) a – iii b – iv c – i d – ii

(D) a – ii b – iv c – i d – iii

16. 'રૂપાકૃતિ' પ્રકારના સિક્કા કોણે બહાર પાડેલા ?

(A) ચંદ્ર ગુપ્ત ૧લો

(B) સમુદ્ર ગુપ્ત

(C) ચંદ્રગુપ્ત ૨જો (વિક્રમાદિત્ય)

(D) કુમાર ગુપ્ત

17. હર્ષની રાજનીતિને મંડળના સિધાન્તના સંદર્ભમાં કોણે તપાસી છે ?

(A) રમેશચંદ્ર મજૂમદાર

(B) ડી.ડી. કોસમ્બી

(C) ડી. દેવહૂતિ

(D) કુમકુમ રોય

18. યાદી–I ને યાદી –II સાથે જોડો·

| યાદી – I | યાદી – II |
|---|---|
| a. મહાબલાધિકૃત | i. વેપારી-વેપાર-પોઠોનો નેતા |
| b. મહાપ્રતિહાર | ii. સરસેનાપતિ |
| c. મહાદંડનાયક | iii. મહેલના દ્વારપાલોનો ઉપરી |
| d. સાર્થવાહ | iv. મહાસેનાનાયક |

સંકેત :

(A) a – ii b – iii c – iv d – i

(B) a – iv b – iii c – i d – ii

(C) a – iii b – iv c – i d – ii

(D) a – ii b – iv c – i d – iii

19. The Tummalagudem Copper Plates of the Vishnukundina dynasty is useful for

(A) religious history and geneaology of the dynasty

(B) economic history

(C) social history

(D) art history

20. During the Mauryan period officers were called 'Thirthas' (Tirthas). Match the following Thirthas with their duties.

| Thirthas | Duties |
|---|---|
| a. Sutradhyaksha | i. the officer in charge of wines |
| b. Sulkadhyaksha | ii. the officer in charge of textiles, specially for spinning and wearing |
| c. Somadhyaksha | iii. the officer in charge of agriculture |
| d. Sitadhyaksha | iv. the officer in charge of collection of tolls and customs |

**Code :**

(A) a – i b – ii c – iii d – iv

(B) a – iii b – i c – ii d – iv

(C) a – ii b – iii c – iv d – i

(D) a – ii b – iv c – i d – iii

19. વિષ્ણુકુંડિન રાજવંશના તુમ્મલગૂડેમ તામ્રશાસન મુખ્યત્વે શાના માટે ઉપયોગી છે

(A) ધાર્મિક ઇતિહાસ અને વંશાવળી માટે

(B) આર્થિક ઇતિહાસ

(C) સામાજિક ઇતિહાસ

(D) કલા ઇતિહાસ

20. મૌર્યયુગમાં અધિકારીઓ 'તીર્થ' પણ કહેવાતા. નીચે 'તીર્થ' અને એમની કાર્યક્ષેત્ર બતાવેલાં છે. સાચો વિકલ્પ પસંદ કરો.

| તીર્થ | કાર્યક્ષેત્ર |
|---|---|
| a. સૂત્રાધ્યક્ષ | i. દારૂના વેચાણના ઉપરી |
| b. શુલ્કાધ્યક્ષ | ii. કાપડ, ખાસ કરીને વણાટ અને કાંતણના ઉદ્યોગના ઉપરી |
| c. સોમાધ્યક્ષ | iii. ખેતી વિભાગના ઉપરી |
| d. સીતાધ્યક્ષ | iv. કરવેરા, ચુંગી, વગેરેના ઉપરી |

સંકેત :

(A) a – i b – ii c – iii d – iv

(B) a – iii b – i c – ii d – iv

(C) a – ii b – iii c – iv d – i

(D) a – ii b – iv c – i d – iii

21. Arrange chronologically the following Satavahana rulers.

a. Hala

b. Simuka

c. Gautamiputra Satakarni

d. Yagnasri Satakarni

**Code :**

(A) b, a, c, d

(B) a, b, c, d

(C) c, a, b, d

(D) d, a, b, c

22. 'Dhanvantari Nighantu' is a lexion that provides information on which subject ?

(A) Ayurveda

(B) Astrology

(C) Astronomy

(D) Grammar

23. 'Bharatamanjari' composed by poet Kshemendra is an abridged version of which text ?

(A) Ramayana

(B) Mahabharata

(C) Bhagavata Purana

(D) Rigveda

21. નીચેના સાતવાહન શાસકને કાલાનુક્રમે ગોઠવો.

a. હાલ

b. સિમુક

c. ગૌતમીપુત્ર સાતકર્ણી

d. યજ્ઞશ્રી સાતકર્ણી

સંકેત :

(A) b, a, c, d

(B) a, b, c, d

(C) c, a, b, d

(D) d, a, b, c

22. 'ધન્વંતરી નિઘંટુ' એ કયા વિષયની માહિતી આપતો કોશ છે ?

(A) આયુર્વેદ

(B) જ્યોતિષશાસ્ત્ર

(C) ખગોળશાસ્ત્ર

(D) વ્યાકરણશાસ્ત્ર

23. કવિ ક્ષેમેન્દ્ર રચિત 'ભારતમંજરી' એ કયા ગ્રંથનો સંક્ષેપ છે ?

(A) રામાયણ

(B) મહાભારત

(C) ભાગવત પુરાણ

(D) રૂગવેદ

24. Tripuri, the capital of the Kalachuris of Chedi is located at present near __________.

(A) Jabalpur, Madhya Pradesh

(B) Junagadh, Gujarat

(C) Udaipur, Rajasthan

(D) Ujjain, Madhya Pradesh

25. Which of the following deities does NOT have a temple in the Khajuraho temple complex ?

(A) Lord Buddha

(B) Vishnu

(C) Sun God

(D) Parshvanatha

26. Name the architect who built Lunavasahi in Abu

(A) Hiradhara

(B) Pranadhara

(C) Gangadhara

(D) Shobanadeva

24. ચેદીના કલચુરીઓની રાજધાની ત્રિપુરી હાલમાં _____ પાસે આવેલી છે.

(A) જબલપુર, મધ્યપ્રદેશ

(B) જુનાગઢ, ગુજરાત

(C) ઉદેપુર, રાજસ્થાન

(D) ઉજ્જૈન, મધ્યપ્રદેશ

25. નીચેના પૈકી કયા દેવનું મંદિર ખજુરાહોના મંદિર સંકુલમાં જોવા મળતું નથી ?

(A) ભગવાન બુધ્ધ

(B) વિષ્ણુ

(C) સૂર્યદેવ

(D) પાર્શ્વનાથ

26. આબુમાં આવેલા લૂણવસહિનું નિર્માણ કરનાર સ્થપતિનું નામ _____ હતું.

(A) હીરાધર

(B) પ્રાણધર

(C) ગંગાધર

(D) શોભનદેવ

27. Match the following from List – I with List – II.

| List – I Universities | List – II Specialization |
|---|---|
| a. Nalanda | i. Mahayana Buddhism |
| b. Vallabhi | ii. Hinayana Buddhism |
| c. Jagaddala | iii. Vedic Texts |
| d. Taxila | iv. Vajrayana Buddhism |

**Code :**

(A) a – i b – iii c – iv d – ii

(B) a – iii b – iv c – ii d – i

(C) a – ii b – i c – iii d – iv

(D) a – i b – ii c – iv d – iii

28. Match the following Port Cities with the Coast.

| Port Cities | Coast |
|---|---|
| a. Sopara | i. Gujarat Coast |
| b. Tamralipi | ii. Bengal Coast |
| c. Arikamedu | iii. Tamil Nadu Coast |
| d. Barygaza | iv. Maharashtra Coast |

**Code :**

(A) a – i b – ii c – iii d – iv

(B) a – iv b – ii c – iii d – i

(C) a – ii b – iii c – i d – iv

(D) a – iii b – iv c – i d – ii

27. યાદી-I વિદ્યાપીઠને યાદી-II તજ્જ્ઞતા સાથે જોડો.

| યાદી – I વિદ્યાપીઠ | યાદી – II વિષયતજ્જ્ઞતા |
|---|---|
| a. નાલંદા | i. મહાયાન બૌધ્ધ ધર્મ |
| b. વલ્લભી | ii. હીનયાન બૌધ્ધ ધર્મ |
| c. જગદ્દલ | iii. વૈદિક ગ્રંથો |
| d. તક્ષશિલા | iv. વજ્રયાન બૌધ્ધ ધર્મ |

સંકેત :

(A) a – i b – iii c – iv d – ii

(B) a – iii b – iv c – ii d – i

(C) a – ii b – i c – iii d – iv

(D) a – i b – ii c – iv d – iii

28. બંદરો સાથે એના સમુદ્ર કિનારાની જોડ બનાવો.

| બંદર | દરિયાકિનારો |
|---|---|
| a. સોપારા | i. ગુજરાત કિનારો |
| b. તામ્રલિપિ | ii. બંગાળનો કિનારો |
| c. અરિકામેડુ | iii. તમિળનાડુનો કિનારો |
| d. બારિગાઝા | iv. મહારાષ્ટ્રનો કિનારો |

સંકેત :

(A) a – i b – ii c – iii d – iv

(B) a – iv b – ii c – iii d – i

(C) a – ii b – iii c – i d – iv

(D) a – iii b – iv c – i d – ii

**29.** The seated bull was the royal insignia of the

(A) Kshatrapas

(B) Maitrakas

(C) Chavadas

(D) Solankis

**30.** Vikramaditya VI, also known as Permadideva, assumed the title of

(A) Gangaikonda

(B) Tribhuvanamalla

(C) Bhuvanaikamalla

(D) Vijayarajendra

**31.** Which Sultan received the title 'Yamin-Ud-daula' from calipha of Baghdad ?

(A) Sabuktigin

(B) Alptegin

(C) Mahmud Ghazni

(D) Muhammad Ghori

**32.** Which of the following scholars wrote Manubhashya, a commentary on the Manusmriti ?

(A) Vishvarupa

(B) Medhatithi

(C) Kulluka Bhatta

(D) Vachaspati Mishra

**29.** બેઠેલો નંદી કયા વંશનું રાજચિહ્ન હતું ?

(A) ક્ષત્રપ

(B) મૈત્રક

(C) ચાવડા

(D) સોલંકી

**30.** વિક્રમાદિત્ય છઠ્ઠો, અપરનામ પેર્માડિદેવ, એણે કયું બિરુદ ધારણ કરેલું ?

(A) ગંગૈકોણ્ડ

(B) ત્રિભુવનમલ્લ

(C) ભુવનૈકમલ્લ

(D) વિજયરાજેન્દ્ર

**31.** કયા સુલતાનને બગદાદના ખલીફા તરફથી યમીન-ઉદ-દૌલા નો ઈલ્કાબ મળ્યો હતો ?

(A) સબુકતગીન

(B) અલ્પતેગીન

(C) મહમૂદ ગઝનવી

(D) મુહમ્મદ ઘોરી

**32.** નીચેનામાંથી કયા વિદ્વાને 'મનુસ્મૃતિ' ઉપર 'મનુભાષ્ય' નામની વૃત્તિ લખી છે ?

(A) વિશ્વરૂપ

(B) મેધાતિથિ

(C) કુલ્લુક ભટ્ટ

(D) વાચસ્પતિ મિશ્ર

33. Who among the following Sultans institutionalised the 'Iqta' system ?
(A) Iltutmish
(B) Qutb-ud-din Aibak
(C) Alauddin Khilji
(D) Balban

34. In the Sultanate period, Gujarat poet Shridhara Vyasa composed 'Ranmal Chhand' in praise of king Ranmal, king Ranmal belonged to which region ?
(A) Idar
(B) Junagadh
(C) Champaner
(D) Jalore

35. The 'Diwan-i-Koh', department of agriculture was established by
(A) Balban
(B) Iltutmish
(C) Muhammad bin Tughlaq
(D) Firoz Shah Tughlaq

36. Which of the following Sultans of Delhi Sultanate used 'Sondhar' and 'Taccavi' technique to strengthen agriculture ?
(A) Iltutmish
(B) Alauddin Khalji
(C) Muhammad Bin Tughlaq
(D) Firoz Shah Tughlaq

33. નીચેના પૈકી કયા સુલતાને 'ઇક્તા' પધ્ધતિનું સંસ્થીકરણ કર્યું હતું ?
(A) ઈલ્તુત્મિશ
(B) કુતુબદ્દીન ઐબક
(C) અલાઉદ્દીન ખીલજી
(D) બલ્બન

34. સલ્તનતકાલીન ગુજરાતમાં કવિ શ્રીધર વ્યાસે લખેલી 'રણમલ છંદ' નામની કૃતિમાં જેમની પ્રશસ્તિ કરવામાં આવી છે તે રાજા રણમલ કયા પ્રદેશના હતા ?
(A) ઈડર
(B) જુનાગઢ
(C) ચાંપાનેર
(D) જાલોર

35. કૃષિનો વિભાગ 'દીવાન-ઈ-કોહ'ની સ્થાપના કોણે કરેલી ?
(A) બલબન
(B) ઈલ્તુત્મિશ
(C) મુહમ્મદ બિન તુગલક
(D) ફીરુઝશાહ તુગલક

36. ખેતીને વધારે મજબૂત કરવા માટે 'સોંધર' અને 'તકાવી' પ્રવિધિઓ દાખલ કરનાર દિલ્લીનો સુલતાન કયો ?
(A) ઈલ્તુત્મિશ
(B) અલાઉદ્દીન ખલજી
(C) મુહમ્મદ બિન તુગલક
(D) ફીરુઝ શાહ તુગલક

37. Which of the following pairs is/are correctly matched ?

i. Voyage to East India – Barbosa

ii. Kitab-Ul-Rehla – Ibn Batuta

iii. Travels in the Mogal Empire – Francois Bernier

iv. Storio-do-Mogor – Niccolao Manucci

**Code :**

(A) i, ii and iii (B) ii, iii and iv

(C) i, iii and iv (D) i, ii and iv

38. Which of the following pairs is NOT correctly matched ?

(A) Ahmed Yadgar – Tarikh-i-Salatin Afaganah

(B) Arif Qandahari – Tarikh-i-Shah Shujai

(C) Nematullah – Tarikh-i-Khan Jahani

(D) Abbas Khas Sarwani – Tarikh-i-Sher Shahi

39. Who founded the Bahamani kingdom ?

(A) Hasan Gangu

(B) Muhammad Shah I

(C) Firoz Shah Bahamani

(D) Ahmad Shah Bahamani

37. નીચેનામાંથી કયાં જોડકાં સાચાં છે ?

i. વૉયિજ ટુ ઇસ્ટ ઈન્ડિયા – બાર્બોસા

ii. કિતાબ-ઉલ-રેહલા – ઇબ્ન બતુતા

iii. ટ્રેવલ્સ ઇન ધ મુગલ એમ્પાયર – ફ્રાન્સ્વા બેર્નિએર

iv. સ્તોરિઓ-દો-મોગોર – નીકોલાઓ માનુચી

સંકેત :

(A) i, ii અને iii (B) ii, iii અને iv

(C) i, iii અને iv (D) i, ii અને iv

38. નીચેનામાંથી કયું જોડકું સાચું નથી ?

(A) અહમદ યાદગાર – તારિખ-ઇ-સલાતીન અફગાન

(B) આરિફ કંદહારી – તારિખ-ઇ-શાહશુજાઈ

(C) નેમતુલ્લાહ – તારિખ-ઇ-ખાનજહાંની

(D) અબ્બાસખાસ સરવાની – તારિખ-ઇ-શેરશાહી

39. બહમની સલ્તનતના સ્થાપક કોણ ?

(A) હસન ગંગુ

(B) મુહમ્મદ શાહ I

(C) ફીરોઝ શાહ બહમની

(D) અહમદ શાહ બહમની

40. Who was the famous Portuguese traveller to visit the Vijaynagara Empire during the reign of Krishnadev Raya ?

(A) Domingo Paes

(B) Abdur Razzaq

(C) Nicolo Conti

(D) Marco Polo

41. Arrange the following battles of Humanyun's reign in chronological order.

i. Battle of Chausa

ii. Battle of Kannauj

iii. Battle of Dauhra

iv. Battle of Sirhind

**Code :**

(A) i, ii, iii and iv

(B) ii, iii, iv and i

(C) iii, i, ii and iv

(D) ii, iii, i and iv

42. After the treaty of Allahabad (1765), the Mughal Emperor Shah Alam II granted the East India Company the ________ of Bengal, Bihar and Orissa.

(A) Fauzdari right

(B) Diwani right

(C) Judiciary right

(D) Civil right

40. કૃષ્ણદેવ રાયના સમયમાં વિજયનગર સામ્રાજ્યની મુલાકાત લેનાર વિખ્યાત પોર્ચ્યુંગીઝ મુસાફર કોણ ?

(A) દોમિનિગો પાએસ

(B) અબ્દુર રઝ્ઝાક

(C) નિકોલો કોંતી

(D) માર્કો પોલો

41. હુમાયૂંના સમયમાં નીચેનાં યુદ્ધોને કાલાનુક્રમે ગોઠવો.

i. ચોસાનું યુદ્ધ

ii. કનૌજનું યુદ્ધ

iii. દોહરાનું યુદ્ધ

iv. સરહિંદનું યુદ્ધ

**સંકેત:**

(A) i, ii, iii અને iv

(B) ii, iii, iv અને i

(C) iii, i, ii અને iv

(D) ii, iii, i અને iv

42. અલાહાબાદની સંધિ (1765) અન્વયે મુગલ બાદશાહ શાહ આલમ-બીજાએ ઇસ્ટ ઇન્ડિયા કંપનીને બંગાળ, બિહાર અને ઓરિસાના કયા અધિકારો સુપરત કર્યા ?

(A) ફોજદારી

(B) દીવાની

(C) ન્યાયિક

(D) નાગરિક

43. Which of the following military strategy was used by Babur in the Battle of Panipat (1526) ?

(A) Phalanx

(B) Tulughama

(C) Chakravyuha

(D) Agraashwa

44. Match List – I with List – II and select the correct answer from the codes given below :

| List – I | List – II |
|---|---|
| a. Vadodara | i. Ahmedabad |
| b. Ashaval | ii. Kila-e-Daulatabad |
| c. Junagadh | iii. Muhammadabad |
| d. Champaner | iv. Mustafabad |

**Code :**

(A) a – i b – ii c – iii d – iv

(B) a – i b – iii c – iv d – ii

(C) a – ii b – i c – iv d – iii

(D) a – iii b – iv c – ii d – i

43. 1526ના પાણીપતના યુદ્ધમાં બાબરે કઈ સૈન્ય પ્રવિધિ ઉપયોગમાં લીધેલી ?

(A) ફેલેંક્સ (ચોરસાકારમાં પામદળના સૈનિકો ભારે શાસ્ત્રો લઈ સાવ પાસે પાસે ઊભા રહે તેવા વ્યૂહ)

(B) તુલુગામા (સૈન્યના ત્રણ વિભાગ પાડી પુનઃ વિભાજન કરવાનો વ્યૂહ)

(C) ચક્રવ્યૂહ

(D) અગ્રાશ્વ (આગળ ઘોડા રાખ્યા હોય તેવો વ્યૂહ)

44. યાદી-I ને યાદી-II સાથે જોડી ઉત્તર માટે ખરો વિકલ્પ પસંદ કરો.

| યાદી – I | યાદી – II |
|---|---|
| a. વડોદરા | i. અમદાવાદ |
| b. આશાવલ | ii. કિલા-એ-દોલતાબાદ |
| c. જૂનાગઢ | iii. મુહમ્મદાબાદ |
| d. ચાંપાનેર | iv. મુસ્તફાબાદ |

સંકેત :

(A) a – i b – ii c – iii d – iv

(B) a – i b – iii c – iv d – ii

(C) a – ii b – i c – iv d – iii

(D) a – iii b – iv c – ii d – i

45. Which of the following pairs is/are correctly matched ?

i. Kitab-ul-Hind – Al-Beruni

ii. Nuh-i-Sipihar – Suleman

iii. Tarikh-i-Ferozshahi – Zia Barani

iv. Akbarnama – Abul Fazl

**Code :**

(A) i, ii and iii

(B) ii, iii and iv

(C) i, iii and iv

(D) i, ii and iv

46. 'Razmnama' is a Persian translation of

(A) Mahabharat

(B) Ramayana

(C) Panchatantra

(D) Rigveda

47. The term 'Hundi' refers to

(A) Rebellion

(B) Tax

(C) Bill of Exchange

(D) Cloth

48. Name the text which describes two methods of lifting water out of the wells in India.

(A) Padshanama

(B) Tughlaqnama

(C) Siyastnama

(D) Baburnama

45. નીચેનામાંથી કયાં જોડકાં સાચાં છે ?

i. કિતાબ-ઉલ-હિન્દ – અલ-બીરૂની

ii. નૂહ-ઇ-સિપિહર - સુલેમાન

iii. તારિખ-ઇ-ફીરુઝશાહી – ઝિઆ બરની

iv. અકબરનામા – અબ્દુલ ફઝલ

સંકેત :

(A) i, ii અને iii

(B) ii, iii અને iv

(C) i, iii અને iv

(D) i, ii અને iv

46. 'રઝમનામા' કઈ ફારસી કૃતિનો અનુવાદ છે ?

(A) મહાભારત

(B) રામાયણ

(C) પંચતંત્ર

(D) ઋગ્વેદ

47. 'હૂંડી' શબ્દનો શો અર્થ છે ?

(A) બળવાખોર

(B) કરવેરો

(C) નાણાકીય લેવડદેવડ માટેની વ્યવસ્થા-પત્ર

(D) કાપડ

48. કુવામાંથી પાણી કાઢવાની બે પદ્ધતિઓનો નિર્દેશ કઈ કૃતિમાં મળે છે ?

(A) પાદશાહનામા

(B) તુગલકનામા

(C) સિયાસતનામા

(D) બાબુરનામા

49. Which was the key aspect of Balban's administration ?

(A) Decentralization of power

(B) Strengthening of nobility

(C) Establishing of a strong centralized government

(D) Promotion of trade and commerce

50. Regarding the city of Burhanpur which of the following statements are correct ?

1. It was a great centre for textile and transportation.
2. It was founded by Nasir Khan in c. 1400 CE.

(A) Both are true

(B) Both are false

(C) 1 is true

(D) 2 is true

51. Identify the incorrect pair.

(A) Akkamahadevi – Vachan

(B) Andal – Chopai

(C) Lalleshwari – Vakhs

(D) Janabai – Abhang

52. Who was the only female Alvar saint among the twelve Alvar saints of South India ?

(A) Akkamahadevi

(B) Andal

(C) Lalleshwari

(D) Karaikkal Ammaiyar

49. બલબનની વહીવટીવ્યવસ્થાનું મુખ્યપાસું કયું હતું ?

(A) સત્તાનું કેન્દ્રીકરણ

(B) ઉમરાવોને વધારે સત્તા સોંપવી

(C) કેન્દ્રીકૃત સરકારને વધારે મજબૂત કરવી

(D) વેપાર-વાણિજ્યને ઉત્તેજન

50. નગર બુરહાનપુર વિશે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

1. એ કાપડ ઉદ્યોગનું અને પરિવહનનું એક મહત્વનું કેન્દ્ર હતું.
2. એની સ્થાપના નાસિર ખાને આશરે 1400 માં કરી હતી.

(A) બન્ને સાચાં

(B) બન્ને ખોટાં

(C) પહેલું સાચું

(D) બીજું સાચું

51. ખોટુ જોડકુ ઓળખો.

(A) અક્કામહાદેવી – વચન

(B) આંડાળ – ચોપાઈ

(C) લલ્લેશ્વરી – વખ્સ

(D) જનાબાઈ – અભંગ

52. દક્ષિણ ભારતના બાર આલ્વાર સંતોમાના એકમાત્ર મહિલા આલ્વાર સંત કોણ હતાં ?

(A) અક્કામહાદેવી

(B) આંડાળ

(C) લલ્લેશ્વરી

(D) કરાઈકલ અમ્મૈયાર

53. 'Buland Darwaja' is situated in
(A) Fatehpur Sikri
(B) Lucknow
(C) Mathura
(D) Firozabad

54. Who was the famous musician in Akbar's Court ?
(A) Tansen
(B) Baiju Bawra
(C) Mian Saida
(D) Surdas

55. 'Adhai Din Ka Jhopara' was built by
(A) Qutubuddin Aibak
(B) Iltutmish
(C) Balban
(D) Allauddin Khilji

56. Which of the following books was NOT written by Amir Khusru ?
(A) Nur-i-Sipihar
(B) Futuh-us-Salatin
(C) Khazain-ul-Futuh
(D) Tughlaqnama

57. What was the name of the famous tower built during the Delhi Sultanate period ?
(A) Qutab Minar
(B) Red Fort
(C) Taj Mahal
(D) Jama Masjid

53. 'બુલંદ દરવાજા' ક્યાં આવેલો છે ?
(A) ફતેહપુર સિક્રી
(B) લખનૌ
(C) મથુરા
(D) ફિરોઝાબાદ

54. નીચેનામાંથી કોણ અકબરના દરબારના પ્રખ્યાત સંગીતકાર હતાં ?
(A) તાનસેન
(B) બૈજુ બાવરા
(C) મીંયા સૈઈદા
(D) સુરદાસ

55. 'અઢાઈ દિન કા ઝોપડા' કોણે બાંધી હતી ?
(A) કુતુબદ્દીન ઐબક
(B) ઈલ્તુત્મિશ
(C) બલ્બન
(D) અલાઉદ્દીન ખિલજી

56. નીચેનામાંથી કયું પુસ્તક અમીર ખુશરોએ લખ્યું નથી ?
(A) નુર-ઇ-સીપીહર
(B) ફુતુહ-ઉસ-સલાતીન
(C) ખજાઈન-ઉલ-ફુતુહ
(D) તુઘલકનામા

57. નીચેનામાંથી કયો પ્રખ્યાત મિનારો દિલ્હી સલ્તનતકાલમાં બંધાયો છે ?
(A) કુતુબ મિનાર
(B) લાલ કિલ્લો
(C) તાજ મહલ
(D) જામા મસ્જિદ

58. According to Bhagavata Purana which of the following statements is false ?

1. Bhakti was born in Dravida desha
2. It flourished in Gurjaradesha
3. It rejuvenated in the north again
4. It declined in Gurjaradesha

**Code :**

(A) 1 is false
(B) 2 is false
(C) 3 is false
(D) 4 is false

59. Gulbadan Banu Begum, daughter of Babur recorded her memories of important political decisions taken in the royal zanana, in her book

(A) Sundari Malua
(B) Ahval-i-Humayun Badshah
(C) IK Sau Sath Kafian
(D) Humayunnama

60. Which of the following schools of painting do NOT belong to the medieval period ?

(A) Bundi School
(B) Malwa School
(C) Basohli School
(D) Kalighat School

58. ભાગવતપુરાણ અનુસાર નીચેનામાંથી કયું વિધાન ખોટું છે ?

1. ભક્તિ દ્રાવિડદેશમાં ઉત્પન્ન થઈ
2. એ ગુર્જરદેશમાં વિકસિત થઈ
3. ઉત્તરમાં એ ફરી નવજીવન પામી
4. એ ગુર્જરદેશમાં અવનતી પામી

**સંકેત:**

(A) 1 ખોટું છે
(B) 2 ખોટું છે
(C) 3 ખોટું છે
(D) 4 ખોટું છે

59. બાબરના પુત્રી બેગમ ગુલબદન બાનુએ શાહી જનાનખાનામાં લેવાયેલા અગત્યના રાજકીય નિર્ણયો વિશેનાં સ્મરણો તેમની _____ પુસ્તકમાં લખ્યા છે. તે પુસ્તક:

(A) સુંદરી માલુસા
(B) અહવલ-એ-હુમાયું બાદશાહ
(C) એક સો સાત કાફિયાં
(D) હુમાયુંનામા

60. નીચેનામાંથી કઈ ચિત્રકલાની શાખા મધ્યકાલની નથી ?

(A) બુંદી શાખા
(B) માળવા શાખા
(C) બસોલ્લી શાખા
(D) કાલીઘાટ શાખા

61. Where was 'Huzur Daftar' of the Peshwas located ?

(A) Bombay

(B) Nagpur

(C) Poona

(D) Kolahpur

62. When did Surat come under the complete control of the English East India Company ?

(A) 1759

(B) 1790

(C) 1800

(D) 1817

63. Monopoly of the English East India Company's trade with China was abolished by the Charter Act of

(A) 1813

(B) 1833

(C) 1853

(D) 1858

64. The first printing press in India was set by

(A) Portuguese

(B) English

(C) French

(D) Dutch

61. પેશ્વાઓના 'હુજુર દફ્તર' ક્યાં આવેલું હતું ?

(A) મુંબઈ

(B) નાગપુર

(C) પુના

(D) કોલ્હાપુર

62. સુરત ક્યારે અંગ્રેજ ઈસ્ટ ઇન્ડિયા કંપનીના સંપૂર્ણ તાબા હેઠળ આવ્યું હતું ?

(A) 1759

(B) 1790

(C) 1800

(D) 1817

63. ઇંગ્લિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો ચીન સાથેનો વેપારી એકાધિકાર કયા કાનૂન અન્વયે નાબૂદ કરવામાં આવ્યો હતો ?

(A) 1813

(B) 1833

(C) 1853

(D) 1858

64. ભારતમાં પ્રથમ છાપખાનું કોણે દાખલ કર્યું હતું?

(A) પોર્ચ્યુગીઝોએ

(B) અંગ્રેજોએ

(C) ફ્રેન્ચોએ

(D) ડચોએ

65. Who was the Governor of English East India Company during the time of First Anglo-Mysore War ?

(A) Warren Hastings
(B) Robert Clive
(C) Cartier
(D) Harry Verelst

66. Name the person who popularised 'Black Hole Tragedy'.

(A) Sir William Jones
(B) Philip Woodruff
(C) John Holwell
(D) H. H. Dodwell

67. Who among the following Governor – General of Bengal underwent impeachment proceedings in the British Parliament ?

(A) Lord Cornwallis
(B) Lord Hastings
(C) Lord Wellesley
(D) Warren Hastings

68. Who among the following Governor – General introduced the policy of neutrality and non-intervention with the Indian States ?

(A) Lord William Bentinck
(B) Lord Wellesley
(C) Sir John Shore
(D) Lord Hastings

65. પ્રથમ આંગ્લ-મૈસુર યુદ્ધ સમયે અંગ્રેજ ઇસ્ટ ઇન્ડિયા કંપનીનો ગવર્નર કોણ હતો?

(A) વારેન હેસ્ટિંગ્સ
(B) રોબર્ટ ક્લાઈવ
(C) કાર્ટીયર
(D) હેરીવેરલેસ્ટ

66. 'બ્લેક હોલ ટ્રેજેડી' આ શબ્દ કોણે પ્રચલિત કર્યો હતો ?

(A) સર વિલિયમ જોન્સ
(B) ફિલિપ વુડરફ્ફ
(C) જોહ્ન હોલવેલ
(D) એચ.એચ. ડોડવેલ

67. નીચેનામાંથી કયા બંગાળના ગવર્નર જનરલ વિરુધ્ધ બ્રિટિશ સંસદમાં મહાભિયોગની કાર્યવાહી થઈ હતી ?

(A) લોર્ડ કોર્નવોલીસ
(B) લોર્ડ હેસ્ટિંગ્સ
(C) લોર્ડ વેલેસ્લી
(D) વારેન હેસ્ટિંગ્સ

68. દેશી રજ્યોના વિષયમાં 'તટસ્થતા અને દખલગીરી નહી' ની નીતિ કયા ગવર્નર જનરલે અમલમાં મૂકી હતી ?

(A) લોર્ડ વિલિયમ બેન્ટિંક
(B) લોર્ડ વેલેસ્લી
(C) સર જોન શોર
(D) લોર્ડ હેસ્ટિંગ્સ

69. Match the following from List – I with List – II.

| List – I Commission | List – II Chairman |
|---|---|
| a. Police Commission | i. Sir Andrew Frazer |
| b. Famine Commission | ii. Sir Anthony MacDonnell |
| c. University Commission | iii. Sir Thomas Raleigh |
| d. Irrigation Commission | iv. Sir Colin Scott Moncrieff |

**Code :**

(A) a – i b – ii c – iii d – iv

(B) a – ii b – i c – iv d – iii

(C) a – iii b – iv c – ii d – i

(D) a – iv b – iii c – i d – ii

70. Which of the following Acts granted the christian missionaries the right to spread their religion in India ?

(A) Pitts India Act of 1784

(B) Charter Act of 1813

(C) Charter Act of 1833

(D) Charter Act of 1853

71. The theory of colonial drain of wealth was originally propounded by ________.

(A) R. C. Dutta

(B) R. P. Dutta

(C) William Digby

(D) Dadabhai Naoroji

69. યાદી-I ને યાદી-II સાથે જોડો.

| યાદી – I પંચ | યાદી – II અધ્યક્ષ |
|---|---|
| a. પોલીસ પંચ | i. સર એન્ડ્રુ ફ્રેઝર |
| b. દુકાળ પંચ | ii. સર એન્થની મેકડોનાલ્ડ |
| c. યુનીવર્સિટી પંચ | iii. સર થોમસ રેલે |
| d. સિંચાઈ પંચ | iv. સર કોલીન સ્કોટ મોનક્રીફ |

સંકેત :

(A) a – i b – ii c – iii d – iv

(B) a – ii b – i c – iv d – iii

(C) a – iii b – iv c – ii d – i

(D) a – iv b – iii c – i d – ii

70. નીચેનામાંથી કયા કાયદાએ ખ્રિસ્તી મીશનરીઓને ભારતમાં તેમના ધર્મનો પ્રચાર કરવાનો અધિકાર આપ્યો ?

(A) 1784 નો પીટ્ટનો કાયદો

(B) 1813 નો ચાર્ટરનો કાયદો

(C) 1833 નો ચાર્ટરનો કાયદો

(D) 1853 નો ચાર્ટરનો કાયદો

71. સંસ્થાનવાદી દ્રવ્ય અપહરણનાં સિધ્ધાંત્તની મૂળરૂપે પ્રસ્થાપના _____ દ્વારા કરવામાં આવી હતી

(A) આર.સી.દત્તા

(B) આર.પી.દત્તા

(C) વીલીયમ દીગ્બી

(D) દાદાભાઈ નવરોજી

72. The 'Chamberlain Commission' was related to

(A) Currency and Exchange

(B) Irrigation and Canals

(C) Judicial Administration

(D) Agriculture and Trade

73. Which tribal leader was regarded as an incarnation of God ?

(A) Kanhu Santa

(B) Joria Bhagat

(C) Birsa Munda

(D) Rupa Naik

74. "Educate your women first and leave them to themselves; then they will tell you what reforms are necessary for them".

Who made the above statement ?

(A) Sarojini Naidu

(B) Swami Vivekanand

(C) Jyotiba Phule

(D) Pandita Ramabai

75. Who started 'The Bengal Gazette' ?

(A) Robert Knight

(B) George Allen

(C) James Augustus Hickey

(D) Thomas Rae

72. ચેમ્બરલીન કમીશન કોણી સાથે સંકળાયેલ હતું ?

(A) ચલણ અને વિનિમય

(B) સિંચાઈ અને નહેરો

(C) ન્યાયાલય (અદાલતી) વહીવટતંત્ર

(D) ખેતીવાડી અને વેપાર

73. કયા આદિવાસી નેતાને ભગવાનનો અવતાર માનવામાં આવતો હતો?

(A) કાન્હુ સાંતા

(B) જોરિયા ભગત

(C) બિરસા મુંડા

(D) રૂપા નાયક

74. "પહેલાં તમારી સ્ત્રીઓને શિક્ષિત કરો અને એમને સ્વાયતી બનાવો પછી તેઓ જ તમને કહેશે કે એમને કેવા સુધારા જરૂરી લાગે છે"

આ વિધાન કોનું છે?

(A) સરોજિની નાયડુ

(B) સ્વામી વિવેકાનંદ

(C) જ્યોતીબા ફુલે

(D) પંડિતા રમાબાઈ

75. 'ધ બંગાલ ગેઝેટ' કોણે શરૂ કર્યું હતું ?

(A) રોબર્ટ નાઈટ

(B) જ્યોર્જ એલેન

(C) જેમ્સ ઓગસ્ટસ હીકી

(D) થોમસ રે

76. Who among the following did NOT play an active role in establishing 'The Scindia Shipping Navigation Company', India's first Swadeshi Shipping Company ?

(A) Lallubhai Shamaldas Mehta
(B) Valchand Hirachand
(C) Narottam Morarji
(D) Ambalal Sarabhai

76. નીચેનામાંથી કોણે ભારતની પ્રથમ સ્વદેશી શિપિંગ કંપની નામે 'ધ સિંધિયા શિપિંગ નેવિગેશન કંપની'ની સ્થાપનામાં સક્રિય ભૂમિકા ભજવી નહોતી ?

(A) લલ્લુભાઈ શામળદાસ મહેતા
(B) વાલચંદ હીરાચંદ
(C) નરોત્તમ મોરારજી
(D) અંબાલાલ સારાભાઈ

77. Choose the incorrect pair.

(A) Satya Prakash – Karsandas Mulji
(B) Rast Goftar – Fardunji Murzban
(C) Gujarati – Ichhchharam Suryaram Desai
(D) Suratmitra – Dinshaw Ardeshir Taleyar Khan

77. ખોટું જોડકું પસંદ કરો.

(A) સત્યપ્રકાશ – કરસનદાસ મૂળજી
(B) રાસ્તગોફતાર – ફરદૂનજી મર્ઝબાન
(C) ગુજરાતી – ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ
(D) સુરતમિત્ર – દિનશા અરદેશર તાલેયાર ખાન

78. Choose the incorrect pair.

| Institutions | Leaders |
|---|---|
| (A) Manavdharmshaba | – Durgaram Mehtaji |
| (B) Gujarat Hindu Strimandal | – Jamanaben Sakkai |
| (C) Vidhvavivah Uttejak Mandali | – Lalshankar Umiyashankar |
| (D) Ahmedabad Prathna Samaj | – Narmad |

78. ખોટું જોડકું પસંદ કરો

| સંસ્થાઓ | નેતાઓ |
|---|---|
| (A) માનવધર્મસભા | – દુર્ગારામ મહેતાજી |
| (B) ગુજરાત હિંદુસ્ત્રીમંડળ | – જમનાબેના સક્કાઈ |
| (C) વિધવાવિવાહ ઉત્તેજકમંડળી | – લાલશંકર ઉમિયાશંકર |
| (D) અમદાવાદ પ્રાર્થનાસમાજ | – નર્મદ |

79. During which five year plan did India initiate the policy of economic liberalization ?

(A) Seventh Plan (B) Eighth Plan
(C) Ninth Plan (D) Tenth Plan

79. ભારતમાં આર્થિક ઉદારીકરણની નીતિની શરૂઆત કઈ પંચવર્ષીય યોજના દરમિયાન થઈ હતી ?

(A) સાતમી યોજના (B) આઠમી યોજના
(C) નવમી યોજના (D) દશમી યોજના

80. ________ indicates that corporate mercantile institutions transcended political boundaries for overseeing transportion of goods and the provision of credit and insurance services in the period of decline.

(A) B. R. Grover
(B) Karen Leonard
(C) Asin Das Gupta
(D) Burton Stein

81. Which of the following newspapers was NOT published from Ahmedabad ?

(A) Prajabandhu
(B) Shamsher Bahadur
(C) Gujarati Punch
(D) Gujarat Mitra

82. From which State provincial legislature, Dr. B. R. Ambedkar was elected as a member of the constituent assembly in 1946 ?

(A) West Bengal
(B) Madhya Pradesh
(C) Uttar Pradesh
(D) Madras

83. Who among the following lawyers acted as a defence lawyer for the prisoners of war of the Indian National Army ?

(A) Bhulabhai Desai
(B) Sardar Vallabhbhai Patel
(C) Muhammad Ali Jinnah
(D) Mahatma Gandhi

80. નીચેનામાંથી કોણે એમ કહ્યું કે અવનતિના સમયમાં વેપારી સંસ્થાઓ અને હિતો રાજકીય સરહદોની ઉપર ઊઠીને માલસામાનની હેરફેર અને વ્યાજ તેમજ વીમાની સેવાઓ ઉપર દેખરેખ રાખે છે ?

(A) બી. આર. ગ્રોવર
(B) કેરન લેનર્ડ
(C) અસીન દાસગુપ્ત
(D) બર્ટન સ્ટાઇન

81. નીચેનામાંથી કયું સમાચાર પત્ર અમદાવાદમાંથી પ્રકાશિત થતું ન હતું ?

(A) પ્રજાબંધુ
(B) શમશેર બહાદૂર
(C) ગુજરાતી પંચ
(D) ગુજરાત મિત્ર

82. 1946માં થયેલી બંધારણસભાની ચુંટણીમાં ડૉ. બી. આર. આંબેડકર કયા રાજ્યની પ્રાંતીય વિધાનસભામાંથી ચુંટાયા હતાં ?

(A) પશ્ચિમ બંગાળ
(B) મધ્યપ્રદેશ
(C) ઉત્તર પ્રદેશ
(D) મદ્રાસ

83. નીચેના પૈકી કયા વકીલે આઝાદ હિંદ ફોજના યુદ્ધ કેદીઓના બચાવપક્ષના વકીલ તરીકે કામગીરી બજાવી હતી ?

(A) ભૂલાભાઈ દેસાઈ
(B) સરદાર વલ્લભભાઈ પટેલ
(C) મુહંમદ અલી ઝીણા
(D) મહાત્મા ગાંધી

84. Which political organization supported the Royal Indian Navy Mutiny of 1946 ?

(A) Indian National Congress

(B) All India Muslim League

(C) Communist Party of India

(D) Scheduled Caste Federation

85. Who among the following was NOT a member of the Linguistic Provinces Commission set up by Government of India in 1948 ?

(A) Panna Lal

(B) S. K. Dhar

(C) J. N. Lal

(D) K. M. Panikkar

86. Who among the following industrialists was the First President of the Harijan Sevak Sangh founded by Mahatma Gandhi in 1932 ?

(A) Ghanshyamdas Birla

(B) Jamanalal Bajaj

(C) Ambalal Sarabhai

(D) Nanji Kalidas Mehta

87. Which of the following revolutionaries was NOT sentenced to death for the Kakori Conspiracy ?

(A) Ashfaq Ullakhan

(B) Ram Prasad Bismil

(C) Roshan Singh

(D) Bhagvati Charan Bohra

84. કયા રાજકીય સંગઠને 1946ના રોયલ ઇન્ડિયન નેવીના બળવાનું સમર્થન કર્યું હતું ?

(A) હિંદી રાષ્ટ્રીય મહાસભા

(B) ઓલ ઇન્ડિયા મુસ્લિમ લીગ

(C) કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા

(D) શિડ્યુલ્ડ કાસ્ટ ફેડરેશન

85. નીચેના પૈકી કોણ 1948માં ભારત સરકાર દ્વારા નીમાયેલા 'ભાષાકીય પ્રાંત આયોગ'નો સભ્યન હતાં ?

(A) પન્નાલાલ

(B) એસ. કે. ધર

(C) જે. એન. લાલ

(D) કે. એમ. પણિક્કર

86. નીચેના પૈકી કયા ઉદ્યોગપતિ 1932 માં મહાત્મા ગાંધીજી દ્વારા સ્થપાયેલા હરિજન સેવક સંઘના પ્રથમ પ્રમુખ હતાં ?

(A) ઘનશ્યામદાસ બિરલા

(B) જમનાલાલ બજાજ

(C) અંબાલાલ સારાભાઈ

(D) નાનજી કાલીદાસ મહેતા

87. નીચેના પૈકી કયાં ક્રાંતિકારીને કાકોરી કાંડ માટે ફાંસીની સજા થઈ ન હતી ?

(A) અશફક ઉલ્લાખાન

(B) રામ પ્રસાદ બીસ્મીલ

(C) રોશન સિંહ

(D) ભગવતી ચરણ બોહરા

88. Who is the author of the book 'Mul Sota Ukhdela' that gives a heart wrenching account of the violence committed against women due to the partition of India ?

(A) Kamlaben Patel

(B) Puspaben Mehta

(C) Pannalal Patel

(D) Sarojini Naidu

89. "A body like the congress which represents not the mass of the population, but a single and every limited class, could not honestly be called national". Who wrote this statement ?

(A) Lala Hardayal

(B) Aurobindo Ghosh

(C) Lala Lajpat Rai

(D) Bal Gangadhar Tilak

90. Which Article of the Constitution was used by Indira Gandhi to declare the Emergency in 1975 ?

(A) Article 352

(B) Article 357

(C) Article 360

(D) Article 370

88. ભારતના ભાગલાને કારણે સ્ત્રીઓ ઉપર થયેલા અત્યાચારોનું હૃદયદ્રાવક વિવરણ કરતા પુસ્તક 'મૂળસોતાં ઉખડેલાં'ના લેખક કોણ છે ?

(A) કમળાબેન પટેલ

(B) પુષ્પાબેન મહેતા

(C) પન્નાલાલ પટેલ

(D) સરોજીની નાયડુ

89. "કોંગ્રેસ જેવી સંસ્થા જે વસ્તીના મોટા ભાગનું નહિ, પરંતુ એકમાત્ર મર્યાદિત વર્ગનું પ્રતિનિધિત્વ કરે છે, તેને પ્રમાણિક પણે રાષ્ટ્રીય કહી શકાય નહિ." આ વિધાન કોણે લખ્યું હતું ?

(A) લાલા હરદયાલ

(B) અરવિંદ ઘોષ

(C) લાલા લજપતરાય

(D) બાલ ગંગાધર ટિલક

90. 1975 માં ઈન્દિરા ગાંધીએ કટોકટી જાહેર કરવા માટે બંધારણની કઈ કલમનો ઉપયોગ કર્યો હતો ?

(A) 352 મી કલમ

(B) 357 મી કલમ

(C) 360 મી કલમ

(D) 370 મી કલમ

91. What is the full form of the 'MLA' style of referencing ?

(A) Member of the Legislative Assembly

(B) Master of Legal Arts

(C) Modern Linguistic Association

(D) Modern Language Association

92. Plagiarism in research refers to

(A) Collecting data from multiple sources to ensure accuracy

(B) Using other's ideas, datas, words , work etc. without giving proper credit.

(C) Sharing research findings with the public

(D) Accurately citing and referencing sources used in the research

93. Historiography means

(A) The methodology of history

(B) The history of history writing

(C) Emphasizing that history is a science

(D) Emphasizing that history is an art

91. એમએલએ (MLA) સંદર્ભશૈલીનું આખું નામ શું છે ?

(A) મેમ્બર ઓફ લેજિસ્લેટિક એસેમ્બલી

(B) માસ્ટર ઓફ લીગલ આર્ટ્સ

(C) મોડર્ન લિંગ્વિસ્ટિક એસોસિએશન

(D) મોડર્ન લેંગ્વેજ એસોસિએશન

92. સંશોધનમાં ઉઠાંતરીનો શો અર્થ થાય છે ?

(A) અનેક સાધનોમાંથી સામગ્રી એકત્રિત કરવી

(B) અન્યોના વિચાર, સામગ્રી, શબ્દ, કામ ઈત્યાદિનો ઉલ્લેખ કર્યા વિના ઉપયોગ કરવો

(C) સંશોધનાં તારણો જાહેરમાં મૂકવાં

(D) સંશોધન માટે સંદર્ભને ચીવટપૂર્વક ટાંકવા

93. ઈતિહાસલેખન એટલે શું ?

(A) ઈતિહાસની પદ્ધતિ

(B) ઈતિહાસ લેખનનો ઈતિહાસ

(C) ઈતિહાસ વિજ્ઞાન છે એમ પ્રતિપાદિત કરવું

(D) ઈતિહાસ લેખન કલા છે એમ પ્રતિપાદિત કરવું

94. Which of the following pairs is NOT correctly matched ?

(A) E.H. Carr – History is the unending dialogue between past and present

(B) G.R. Elton – History is a continuous process of interaction between historian and his facts

(C) J.B. Bury – History is a science, no less no more

(D) R. G. Collingwood – 'History is the re-enactment of the past in historian's mind'

95. Who among the following rejected the process of de-industrialization in India under the British rule ?

(A) Morris D. Morris

(B) R. C. Dutt

(C) Dadabhai Naoroji

(D) M.G. Ranade

96. Which of the following is an essential feature of historical materialism ?

(A) Society takes birth, grows and changes like an organism

(B) Society is inherently mutable in which changes are produced by internal contradictions

(C) Society starts as a small aggregate and with the passage of time grows in size

(D) Society develops with the development of it's scientific personnel

94. નીચેનામાંથી કયું 'જોડકું' સાચું નથી:

(A) ઈ. એચ. કાર – 'ઈતિહાસએ ભૂતકાળ અને વર્તમાન વચ્ચેનો અનંત સંવાદ છે'

(B) જી. આર. એલ્ટન – 'ઈતિહાસ એટલે ઈતિહાસકાર અને એની વિગતો વચ્ચેની સતત આંતરક્રિયા'

(C) જે. બી. બરી – 'હિસ્ટરી એટલે વિજ્ઞાન, વધુ નહીં ઓછું નહીં'

(D) આર. જી. કોલિંગવુડ – 'ઈતિહાસ એટલે ઈતિહાસકારના મનમાં ભૂતકાળનું પુનઃસંધાન'

95. નીચેનામાંથી કોણે ભારતમાં બ્રિટિશ રાજ દરમ્યાન ઉદ્યોગોનો વિનાશ થયો હતો એ વાતનો અસ્વીકાર કર્યો?

(A) મોરિસ ડી મોરિસ

(B) રોમેશચંદ્ર દત્ત

(C) દાદાભાઈ નવરોજી

(D) મહાદેવ ગોવિંદ રાનડે

96. ઐતિહાસિક ભૌતિકવાદ માટે નીચેનામાંથી કયું મહત્વનું પરિબળ છે ?

(A) સમાજનો ઉદ્ગમ, વિકાસ અને પરિવર્તન એક જૈવિક પદાર્થની જેમ થાય છે.

(B) આંતરિક વિરોધાભાસોથી સમાજમાં પરિવર્તન આવે છે

(C) સમાજનો ઉદ્ગમ નાના પાયે થાય છે અને ક્રમશઃ એ વિકસિત બને છે.

(D) સમાજની પ્રગતિ એની વૈજ્ઞાનિક પ્રગતિની સાથે સાથે થાય છે.

97. Diverse schools of thought offer a unique perspective on interpreting the past. Which of the following is 'false'

(A) Marxist school – emphasizes the role of class struggle and economic factors in shaping historical events

(B) Nationalist school – is often associated with the construction of national identity and narratives of national liberation

(C) Cliometrics – compares different societies or historical periods to identify similarities and differences

(D) Post modernism – challenges the notion of objective historical truth and emphasizes the role of language and perspective in shaping historical narratives

98. The concepts : thesis, anti-thesis and synthesis were introduced by

(A) Ranke (B) Hegel

(C) Spengler (D) Karl Marx

99. Annales school of historiography emerged in

(A) England (B) U.S.A.

(C) France (D) Germany

100. The term subaltern was first used by the scholar

(A) Guha

(B) Gramsci

(C) Mussolini

(D) Pirrenne

97. ઈતિહાસલેખનની જુદી જુદી પદ્ધતિઓ આગવી રીતે ઈતિહાસમાં ભૂતકાળનું અર્થઘટન કરે છે. નીચેનાં વિધાનોમાંથી કયું ખોટું છે ?

(A) માર્ક્સવાદી – એ વર્ગસંઘર્ષ અને આર્થિક પ્રવૃત્તિઓને ઈતિહાસના કેન્દ્રમાં મૂકે છે

(B) રાષ્ટ્રવાદી–એમાં રાષ્ટ્રીય અસ્મિતાનું ઘડતર અને રાષ્ટ્રયુક્તિનો વૃત્તાંત કેન્દ્રસ્થાને હોય છે.

(C) કલીઓમેટ્રિક્સ – જુદા સમાજો અને જુદા યુગોની સરખામણી કરી એમાં રહેલી સમાનતા અને વિષમતાને તારવે છે.

(D) અનુઆધુનિકવાદી–એમાં ઈતિહાસના સત્ય ની તટસ્થતા, નિષ્પક્ષતાને નકારી ઐતિહાસિક વૃતાંતોમાં ભાષાની ભૂમિકા અને દૃષ્ટિકોણ ઉપર ભાર મૂક્યો

98. થિસિસ, એન્ટી થિસિસ, અને સિન્થેસિસ (પક્ષ, પૂર્વપક્ષ, અને સમન્વય) આ સંકલ્પના કોણે આપી ?

(A) રાન્કે (B) હેગલ

(C) શ્પેંગલર (D) કાર્લ માર્ક્સ

99. ઈતિહાસલેખનની આનાલ શાખા ક્યાં ઉદ્ભવી ?

(A) ઈંગ્લેન્ડ (B) અમેરિકા

(C) ફ્રાન્સ (D) જર્મની

100. 'સબલ્ટર્ન' આ શબ્દ સૌપ્રથમ કોણે પ્રયોજ્યો ?

(A) રણજિત ગુહ

(B) આન્તોનીઓગ્રામ્શી

(C) મુસોલીની

(D) પિરેન

**Space for Rough Work**